# 18 લાખ મતદારો મૃત્યુ પામ્યા

**કાલે** ગુજરાત SIRની મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થશે

**તા.**18-01-2026 સુધી વાંધા-દાવા રજૂ કરી શકાશે

### ગુજરાતના મતદારોની સ્થિતિ

- 18 લાખ મતદારો મૃત્યુ પામ્યા
- 40 લાખ મતદારો કાયમી સ્થળાંતર કરી ચૂક્યા છે
- 3.81 લાખ મતદારોના નામ બે વાર લખાયા છે
- 9 લાખ મતદારો ઘરે હાજર મળતા જ નથી

ગાંધીનગર : કેન્દ્રના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (ખાસ સઘન સુધારણા) ઝુંબેશના ગણતરીના તબક્કાની સમયમર્યાદા વધારી તા.14 ડિસેમ્બર કરવામાં આવી હતી. જેથી ફોર્મ પરત આવવા માટે ત્રણ દિવસનો વધારાનો સમય મળ્યો હતો. ત્યારે રાજ્યભરમાં ગણતરીના તબક્કાની 100 % કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.હવે તા.19-12-2025ના રોજ મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવનાર છે તેથી માત્ર ગણતરીના કલાખો જ બાકી રહ્યા છે.

રાજ્યમાં 5.08 કરોડ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.જે પૈકી 4.34 કરોડ મતદારોએ ગણતરી ફોર્મ પરત કર્યા છે.આ તમામ ફોર્મનું સંપૂર્ણ ડિઝીટાઈઝેશન કરવામાં આવ્યું છે. 44.45 લાખ જેટલા મતદારોનું મેપીંગ થયું નથી.ગણતરીના તબક્કામાં રાજ્યના તમામ 33 જિલ્લાઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવી 100 ટકા કામગીરી પૂર્ણ કરી છે. જેથી સરવાળે રાજ્યની કુલ 182 વિધાનસભા મતવિસ્તારમાં ચકાસણીની 100 ટકા કામગીરી સંપન્ન થઈ ચૂકી છે. બૂથ લેવલ ઓફિસર અને માન્ય રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરાયું હતું. આ બેઠકોના નિષ્કર્ષ સાથે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે મતદારોના નામની યાદી જિલ્લા ચૂંટણી અધિકારીઓની વેબસાઈટ પર તથા મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) ની વેબસાઈટ https://erms.gujarat.gov.in/ceo-gujarat/master/BLA-BLO-Meeting.aspx પર પ્રકાશિત કરવામાં આવી હતી. જિલ્લાવાર મુકવામાં આવેલી વિગતોમાંથી મતદારો પોતે પણ ચકાસણી કરી શકે તેવી સરળ વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ હતી.

ગણતરીના તબક્કાના છેલ્લા ચરણ સુધીમાં ધ્યાને આવ્યું કે 18,07,277 અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે 9,69,813 મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 40,26,010 વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે 3,81,534 મતદારો રિપીટેડ હોવાનું ધ્યાને આવ્યું છે.

આમ, આ મતદારયાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું શ્રેષ્ઠ પ્રદર્શન જોવા મળી રહ્યું છે. ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR ઝુંબેશના ગણતરીના તબક્કાની ખુબ અસરકારક કામગીરી જોવા મળી છે. મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયા બાદ તા.19-12-2025 થી તા.18-01-2026 સુધી મતદારયાદી સબંધી વાંધા-દાવા રજૂ કરી શકાશે.

જે ભારતના નાગરિક છે અને SIR પછી કોઈ કારણસર ડ્રાફ્ટ રોલમાં નામ નથી સામેલ થયું તો તેવા નાગરિકો આધાર પુરાવા સાથે ફોર્મ નં.6 ભરીને મતદાર યાદીમાં નામ દાખલ કરાવી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે મતદાર યાદીમાં બે જગ્યાએ નામ રાખવું તે ગુનો બને છે.

# મનરેગામાં આપવામાં આવેલી રોજગારની ગેરન્ટી નવા સૂચિત કાયદામાં ખતમ થઈ જશે?

અર્થશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર વિજેતા જોસેફ સ્ટિગ્લિટ્ઝે કહ્યું હતું કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) ભારતનો સૌથી મોટો મૂળભૂત કાર્યક્રમ છે અને સમગ્ર વિશ્વે તેમાંથી શીખવું જોઈએ. કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર ૨૦૦૫માં મનરેગા કાયદો લાવી હતી, જેના હેઠળ ગ્રામીણ વિસ્તારોનાં પરિવારોને વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારીની ખાતરી આપવામાં આવી હતી. આ યોજના ગ્રામીણ વિસ્તારોનાં એવાં મજૂરો અને કામદારો માટે એક સીમાચિહ્નરૂપ માનવામાં આવી છે, જેમની પાસે કોઈ ખાસ કુશળતા નથી. હવે મોદી સરકારે ૨૦ વર્ષથી અસ્તિત્વમાં રહેલા મનરેગા કાયદાને બદલવા માટે એક નવું બિલ રજૂ કર્યું છે. કેન્દ્ર સરકારે નવા કાયદાને વિકાસ ભારત ગેરંટી ફોર એમ્પ્લોયમેન્ટ એન્ડ લાઇવલીહૂડ મિશન (ગ્રામીણ) એટલે કે વીબી-જી રામજી નામ આપ્યું છે. કેન્દ્ર સરકારના નવા કાયદામાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે, જેને કારણે વિરોધ પક્ષો સરકારના આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. નવા કાયદામાં મહાત્મા ગાંધીનું નામ પણ પડતું મૂકવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારના પ્રસ્તાવમાં રોજગારની ગેરંટીને દૂર કરતી ઘણી જોગવાઈઓ છે. હાલમાં, આ યોજના સમગ્ર દેશમાં લાગુ છે, પરંતુ નવા પ્રસ્તાવની કલમ ૫ (૧) જણાવે છે કે કેન્દ્ર સરકાર નક્કી કરશે કે આ યોજના ક્યાં લાગુ કરવામાં આવશે. આ કારણે દેશનાં કરોડો ગરીબોને મળેલો રોજગારનો અધિકાર ઝૂંટવાઈ જશે. નવા કાયદામાં વર્ષમાં ૧૨૫ દિવસ રોજગાર પૂરો પાડવાનો પ્રસ્તાવ છે. હાલમાં કાર્યરત મનરેગા કાયદાની જોગવાઈઓ અનુસાર કેન્દ્ર સરકાર કામદારોના વેતનનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવે છે, જ્યારે રાજ્ય સરકારો પુરવઠાના ખર્ચનો ચોક્કસ હિસ્સો વહેંચે છે. વધુમાં, રાજ્ય સરકારો વહીવટી જવાબદારીમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. નવા બિલમાં દરખાસ્ત કરવામાં આવી છે કે કેન્દ્ર સરકાર કુલ ખર્ચના ૬૦ ટકા ખર્ચ ઉઠાવશે, જ્યારે રાજ્ય સરકારો ૪૦ ટકા ખર્ચ ઉઠાવશે. અગાઉ રાજ્ય સરકારોનો હિસ્સો ફક્ત ૧૦ ટકા જેટલો હતો. નવી જોગવાઈ મુજબ કેન્દ્ર સરકાર આ યોજના હેઠળ ઉત્તર-પૂર્વીય રાજ્યો, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર અને અન્ય કેન્દ્રશાસિત પ્રદેશોમાં થનારા કુલ ખર્ચના ૯૦ ટકા ખર્ચ ઉઠાવશે.

ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ

ભારતમાં અગિયારમી પંચવર્ષીય યોજના (૨૦૦૭-૧૨) શરૂ થાય તે પહેલાં જ, તેના પર કામ કરી રહેલા કાર્યકારી જૂથે તે સમયે દેશમાં હાજર આશરે ૩૬ ટકા ગરીબ વસ્તી અંગે ખાસ ચિંતા વ્યક્ત કરી હતી. તે સમયથી ગ્રામીણ વિસ્તારો માટે યોજના બનાવવાનું કામ શરૂ થયું હતું. જો કે અગાઉ વી.પી. સિંહના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે આવી યોજના પર વિચાર કર્યો હતો, પરંતુ તે યોજના સફળ થઈ ન હતી. વાસ્તવમાં, વી.પી. સિંહે વચન આપ્યું હતું કે તેમની સરકાર તેના બજેટનો ૬૦ ટકા ભાગ ગામડાંઓ અને ખેતી પર ખર્ચ કરશે. રાષ્ટ્રીય ગ્રામીણ ગેરંટી યોજના (NREGA) બિલ ડિસેમ્બર ૨૦૦૪ માં રજૂ કરવામાં આવ્યું હતું. આ યોજના મૂળરૂપે મહારાષ્ટ્ર રાજ્યમાં ચાલતી રોજગાર યોજનાથી પ્રેરિત હતી. ત્યાર બાદ આ બિલ ગ્રામીણ વિકાસ મંત્રાલયની સંસદીય સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યું હતું. જૂન ૨૦૦૫ માં સમિતિના અધ્યક્ષ કલ્યાણસિંહે તેને સ્વતંત્રતા પછીનું સૌથી મહત્ત્વપૂર્ણ બિલ ગણાવ્યું હતું. સંસદ દ્વારા પસાર થયા પછી, સપ્ટેમ્બર ૨૦૦૫ માં આ કાયદાને લાગુ કરવા માટે એક સૂચના જારી કરવામાં આવી હતી. ત્યાર બાદ ૨ ફેબ્રુઆરી ૨૦૦૬ ના આ યોજના આંધ્રપ્રદેશના બંગલાપલ્લી ગામથી તત્કાલીન વડા પ્રધાન મનમોહનસિંહ અને યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધી દ્વારા શરૂ કરવામાં આવી હતી.

શરૂઆતમાં આ યોજના ૨૦૦ પસંદગીના જિલ્લાઓમાં લાગુ કરવામાં આવી હતી અને એપ્રિલ ૨૦૦૮ માં તે સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી હતી. શરૂઆતમાં, નરેગાનું બજેટ આશરે ૧૫,૦૦૦ કરોડ રૂપિયા હતું, પરંતુ હવે તે વધીને આશરે ૮૬,૦૦૦ કરોડ રૂપિયા થઈ ગયું છે. આ યોજના ગ્રામીણ વિસ્તારોમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરનાં પુરુષો અને સ્ત્રીઓ બંનેને રોજગારની ખાતરી આપે છે. વર્ષ ૨૦૧૦ માં આ યોજનાનું નામ બદલીને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ એટલે કે મનરેગા રાખવામાં આવ્યું. વાસ્તવમાં, આ પાછળની દલીલ એ હતી કે આ યોજનાએ ગ્રામીણ વિસ્તારોને સશક્ત બનાવ્યા અને મહાત્મા ગાંધી ભારતનાં ગામડાંઓને મજબૂત બનતાં જોવા માંગતા હતા, તેથી આ યોજના તેમના નામ સાથે જોડવામાં આવી. વિશ્વ બેંકે તેને વિશ્વનો સૌથી મોટો રોજગાર કાર્યક્રમ ગણાવ્યો હતો.

ખાસ વાત એ છે કે મનરેગા હેઠળ નાના અને સીમાંત ખેડૂતોને તેમની ખાનગી જમીન પર પણ મદદ આપી શકાય છે. આમાં અનુસૂચિત જાતિ, જનજાતિ અને મહિલાઓને રોજગાર આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. હાલમાં આ યોજનામાં મહિલાઓની ભાગીદારી ૫૬ ટકા છે, જે આ મહિલા સશક્તિકરણ તરફ સંકેત આપે છે. દેશના ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર પૂરો પાડતી આ યોજના ભ્રષ્ટાચાર જેવા વિવાદોમાં ફસાઈ છે. આ યોજના અંગે ફરિયાદો હતી કે ઘણી જગ્યાએ લોકોને કામ આપ્યા વિના માત્ર કાગળ પર રોજગાર દર્શાવવામાં આવ્યો હતો.

હાલમાં મનરેગા હેઠળ ૧૨ કરોડથી વધુ સક્રિય કામદારો નોંધાયેલાં છે અને આમ જનતાને રોજગાર પૂરો પાડવાની દૃષ્ટિએ તે એક મોટી યોજના છે. એવો દાવો કરવામાં આવે છે કે મનરેગાની સૌથી મોટી સફળતા કોવિડ-૧૯ દરમિયાન જોવા મળી હતી, જ્યારે દેશમાં રોજગાર સંકટ ખૂબ વધી ગયું હતું અને મનરેગા હેઠળ રોજગારની માંગ વધી હતી. વર્ષ ૨૦૨૦-૨૧માં મનરેગા હેઠળ બજેટ ફાળવણી લગભગ ૧ લાખ ૧૧ હજાર કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરે હતી. ભારત જેવા વિશાળ વસ્તી ધરાવતા દેશ માટે રોજગાર એક મોટી સમસ્યા રહી છે અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતાં લોકો માટે આ કટોકટી વધુ મોટી હતી. આવી સ્થિતિમાં, ગ્રામીણ વિસ્તારોની આ સમસ્યા અંગે ઘણાં સંગઠનો લાંબા સમયથી અવાજ ઉઠાવી રહ્યાં હતાં. આ વિસ્તારોમાં રહેતાં પરિવારો દ્વારા સામનો કરવામાં આવતાં આજીવિકાના પડકારોને દૂર કરવામાં મનરેગાએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ યોજનાએ માત્ર અકુશળ કામદારોના સ્થળાંતર અને બેરોજગારીના સંકટને જ સંબોધિત કર્યું ન હતું, પરંતુ ગ્રામીણ લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવવામાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

મનરેગાનો ઉદ્દેશ ગ્રામીણ પરિવારોને ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવાનો છે, જે તેમની આજીવિકા સુરક્ષામાં વધારો કરે છે. ગ્રામીણ વિસ્તારો પર મનરેગાની અસર સમજાવવા માટે ખેડૂતો અને મજૂરોના અધિકારો માટે કામ કરતા કાર્યકર નિખિલ ડે રાજસ્થાનનું ઉદાહરણ આપે છે. રાજસ્થાનમાં કેટલીક જગ્યાએ દુષ્કાળ અને કેટલીક જગ્યાએ પૂરની સમસ્યા હતી. ત્યાંનાં લોકો ફક્ત મફતમાં કંઈક મેળવવા અને ખાવા માટે ભીખ માંગવા માંગતા ન હતાં. તેઓ કામ કરવા માંગતા હતા, પરંતુ સરપંચ પાસે ૫૦ લોકો માટે કામ હતું, જ્યારે એક હજાર બેરોજગારો હતા. દરરોજ સવારે સરપંચના ઘરે આખું ગામ દેખાતું હતું. લોકો સરપંચ અને વોર્ડ સભ્યોની સામે હાથ જોડીને, તેમના પગ પકડીને કામ માટે ઊભાં રહેતાં હતાં. તેઓ ગામમાંથી સ્થળાંતર કરવા પણ માંગતાં ન હતાં. મનરેગાએ રોજગારની ખાતરી આપીને લોકોને સશક્ત બનાવ્યાં હતાં.

મનરેગાનો ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં ટકાઉ સંપત્તિનું નિર્માણ કરવાનો છે, જેનાથી મહિલાઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને સામાજિક લાભ મળે છે. મનરેગા હેઠળ, દરેક નોંધાયેલા કામદારને ૧૫ દિવસની અંદર અકુશળ કામમાં રોજગાર માંગવાનો અને મેળવવાનો અધિકાર છે. જો કામ ન મળે, તો તેઓ બેરોજગારી ભથ્થાં માટે હકદાર છે. મનરેગા હેઠળ કામ કરતાં લોકોને સમયસર ચુકવણી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. સ્વતંત્ર એજન્સી દ્વારા તેની સામાજિક અસરનું સમયાંતરે મૂલ્યાંકન કરવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. મનરેગામાં ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓ, તળાવો અને સિંચાઈ સુવિધાઓ, નદીના કાયાકલ્પ અને રાષ્ટ્રીય ગ્રામીણ મિશન સંબંધિત અન્ય કાર્યોનો સમાવેશ થાય છે. હાલમાં, આ યોજના હેઠળ ૨૬૨ પ્રકારનાં કામ હાથ ધરી શકાય છે, જેમાંથી ૧૬૪ કૃષિ સંબંધિત છે.

**મનરેગાનો ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં ટકાઉ સંપત્તિનું નિર્માણ કરવાનો છે, જેનાથી મહિલાઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને સામાજિક લાભ મળે છે**

# સ્વાયત સંસ્થાઓને ૨૮૦૦ કરોડના ચેકનું વિતરણ

**સર્ક્યુલર** ઇકોનોમીને વેગ આપવા ચાર ‘R’ રિડ્યુસ, રિયુઝ, રિસાયકલ અને રિકવર પર ફોકસ કરાયું

### આ રીતે કરાયું ચેક વિતરણ

- 8 મહાનગરપાલિકાઓને કુલ 2132 કરોડ
- નવરચિત 9 પ્રત્યેક મનપાને 40 કરોડ
- 152 નગરપાલિકાઓને કુલ 308 કરોડ

ગાંધીનગર : સીએમ ભૂપેન્દ્ર પટેલે ચેક અર્પણ કાર્યક્રમ અંતર્ગત રાજ્યની 8 મહાનગરપાલિકાઓને કુલ 2132 કરોડ રૂપિયા તથા નવી રચાયેલી 9 મહાનગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. 40 કરોડ મુજબ કુલ 360 કરોડ રૂપિયાની રકમ માળખાકીય વિકાસ કામો માટે આપી હતી. આ ઉપરાંત રાજ્યની 152 નગરપાલિકાઓને કુલ 308 કરોડ રૂપિયા મળીને સમગ્રતયા રૂા. 2800 કરોડ વિકાસ કાર્યો માટે આપ્યા હતા.મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે,ક્લાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા આપણા નગરો-મહાનગરોએ ગ્રીન સ્પેસ, ગ્રીન ગ્રોથ અને ગ્રીન મોબિલિટી તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્વચ્છતા સર્વેક્ષણમાં લીડ લીધી છે. એટલું જ નહિ, સર્ક્યુલર ઇકોનોમીને વેગ આપવા ચાર ‘R’ રિડ્યુસ, રિયુઝ, રિસાયકલ અને રિકવર પર ફોકસ કર્યું છે.

તેમણે કહ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીએ દેશમાં જ્યારે અર્બનાઈઝેશનને પડકાર ગણવામાં આવતો હતો ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે 2005માં શહેરી વિકાસ વર્ષની શરૂઆત કરાવી હતી. આપણી વિરાસતને અનુરૂપ અર્બન ડેવલોપમેન્ટ મોડલ વિકસાવવા માટેની મૂળભૂત માળખાકીય સુવિધા નિર્માણનો મજબૂત પાયો તેમણે નાખ્યો હતો. જો વિઝનરી લિડરશીપ હોય અને વિકાસ માટેના કમિટમેન્ટ સાથે નાણાંની કોઈ કમી ના હોય તો કેટલી સ્પીડથી અર્બન ડેવલપમેન્ટ કરી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાતે નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં આ શહેરી વિકાસ વર્ષથી પૂરું પાડ્યું છે.

# સત્તા સામે સત્યનો વિજય, કોંગ્રેસની પદયાત્રા

**ED,** IT, CBI સ્વાયત સંવિધાનિક સંસ્થાઓના દુરુપયોગના ષડયંત્ર ખુલ્લા પડી ગયા

અમદાવાદ : સરકાર દ્વારા ખોટા આરોપો લગાવી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને હેરાન-પરેશાન કરવામાં આવ્યા હતા. જેમાં આખરે સત્યની જીત થઈ અને નેશનલ હેરાલ્ડ કેસમાં કોર્ટ દ્વારા EDનો કેસ રદ્દ કરવામાં આવ્યો હતો. નેશનલ હેરાલ્ડ જે છેલ્લા ૧૨ વર્ષથી જે કેસ ઈડીએ ખોટો કેસ બનાવ્યો હતો.

કેન્દ્રની ભાજપ સરકાર ED, IT, CBI સહિત સ્વાયત સંવિધાનિક સંસ્થાઓનો દુરુપયોગ કરી વિપક્ષને ખતમ કરવાના ષડયંત્રો હવે ખુલ્લા પડી ગયા છે. આજે કોંગ્રેસ દ્વારા સત્યના વિજય સાથે અમદાવાદમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના નેતૃત્વમાં સત્યના વિજયની પદયાત્રા સાથે ભાજપ કાર્યાલય ખાનપુર ઘેરાવો કરવા તરફ કુચ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત કોંગ્રેસ કાર્યકરો અને આગેવાનોની પદયાત્રા આગળ વધે તે પહેલા જ પોલીસે બળપ્રયોગ કરીને ટીંગાટોળી કરીને કાર્યકરોની અટકાયત કરી હતી.

અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર જે રીતે ED, IT, CBI સ્વાયંત સંવિધાનિક સંસ્થાઓનો દુરુપયોગ કરે છે, આજે એ બેનકાબ થઈ ગયું, આજે તેની પોલ ખુલી ગઈ. દેશની તાનાશાહી સરકાર દ્વારા ખોટા આરોપો લગાવી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને હેરાન-પરેશાન કરવામાં આવ્યા હતા. જેમાં આખરે સત્યની જીત થઈ અને નેશનલ હેરાલ્ડ કેસમાં કોર્ટ દ્વારા ED નો કેસ રદ્દ કરવામાં આવ્યો. નેશનલ હેરાલ્ડ, જે છેલ્લા ૧૨ વર્ષથી જે કેસ ઈડીએ ખોટો કેસ બનાવ્યો હતો, આજે ઈડીના તે કેસનું સંજ્ઞાન રાઉઝ એવન્યુની એક અદાલતે લેવાનો ઈનકાર કરી દીધો છે. આ ષડયંત્ર રાહુલ ગાંધી વિરુદ્ધ નથી, સોનિયા ગાંધી વિરુદ્ધ નથી, કોંગ્રેસ પક્ષ વિરુદ્ધ નથી, આ ષડયંત્ર બધાની વિરુદ્ધ છે, આ ષડયંત્ર આ દેશના લોકતંત્ર વિરુદ્ધ છે, આ ષડયંત્ર આ દેશના બંધારણ વિરુદ્ધ છે, આ ષડયંત્ર એક-એક ભારતવાસીના મૂળભૂત અધિકારો વિરુદ્ધ છે. કારણ કે તેમના બધાની રક્ષા કરવાનું દાયિત્વ આ દેશની જનતાએ વિપક્ષને સોંપ્યું છે અને વિપક્ષ, ખાસ કરીને રાહુલ ગાંધી તે દાયિત્વને ખૂબ મજબૂતીથી નિભાવી રહ્યા છે.

## BUSINESS મિત્ર

### નિફ્ટી 25850 પોઇન્ટની નીચે, રોકાણકારોની રૂ. 1.6 લાખ કરોડની સંપત્તિ સ્વાહા

# શેરબજારમાં સતત ત્રીજા દિવસે વેચવાલી રહી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા. 17: સતત વિદેશી રોકાણકારોની વેચવાલીએ રોકાણકારોનું સેન્ટિમેન્ટ નબળું રહ્યું હતું. જ્યારે યુએસ જોબ ડેટાના મિશ્ર સંકેતોએ ફેડરલ રિઝર્વના વ્યાજદરના દ્રષ્ટિકોણની આસપાસ અનિશ્ચિતતા જાળવી રાખી હતી. સંભવિત યુએસ ભારત ટ્રેડ ડીલ પર પ્રગતિના અભાવને કારણે સેન્ટિમેન્ટને વધુ નબળું પાડવામાં આવ્યું હતું. જેણે જોખમની ભૂખને નિયંત્રણમાં રાખી હતી. જેના લીધે નિફ્ટીએ 25850 પોઈન્ટની સપાટી તોડી હતી.

અમેરિકાના લેબરના ડેટા મિશ્ર રહ્યા છે, જે ફરી એકવાર વ્યાજદર ઘટાડા તરફી વલણ દર્શાવે છે, જ્યારે ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો અને રૂપિયાની નબળાઈને કારણે ભારતીય શેરબજારમાં નફાનું દબાણ સર્જાયું છે. આજે સતત ત્રીજા દિવસે વેચવાલી રહેતા લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જેના લીધે બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 1.6 લાખ કરોડનો ઘટાડો થયો છે.

### ફોરેક્સ બજાર

| | |
|---|---|
| ડોલર | 91.03 |
| યુરો | 107.09 |
| પાઉન્ડ | 123.01 |
| યેન | 0.5886 |

સેકટર વાઈઝ જોઈએ તો મીડિયા, કન્ઝયુમર ડયુરેબલ્સ અને રિયલ્ટી શેરોમાં ઘટાડો નોંધાયો હતો. જ્યારે પીએસયુ બેન્ક, આઈટી અને મેટલ શેરોમાં નરમાઈ જોવા મળી હતી.

બીએસઈ સેન્સેક્સ 120.21 પોઈન્ટ એટલે કે 0.14 ટકા વધીને 84559.65 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 84889 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84415 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 41.55 પોઈન્ટ એટલે કે 0.16 ટકા ઘટીને 25818.55 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25939 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25770 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 107.85 પોઈન્ટ એટલે કે 0.18 ટકા ઘટીને 59000 પોઈન્ટની સપાટી તોડીને 58926.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે એકઝો નોબલ ઈન્ડિયા 120.92 ગણા, પોલીકેબ ઈન્ડયા 26.08 ગણા, હોનાસા કન્ઝયુમર 17.48 ગણા, ફોનીક્સ મીલ્સ 9.35 ગણા, ઈન્દ્રપ્રસ્થ ગેસ 7.88 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એક્ઝો નોબલ ઈન્ડિયા 66.78 ગણા, ઈન્દ્રપ્રસ્થ ગેસ 31.22 ગણા, પોલીકેબ ઈન્ડિયા 8.15 ગણા, આદિત્ય બિરલા ફેશન 7.16 ગણા અને મહાનગર ગેસ 5.73 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ નબળું પ્રદર્શન જોવાયું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 0.53 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.85 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી પડી હતી. બીએસઈ ખાતે 1479 શેરો વધ્યા હતા, જ્યારે 2687 શેરો ઘટ્યા હતા અને 182 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મીડિયા ઈન્ડેકસ 1.71 ટકા ઘટ્યો હતો. જેમાં સારેગામા ઈન્ડિયા, નઝારા ટેકનો, પ્રાઈમ ફોકસ, પીવીઆર આઈનોક્સ, નેટવર્ક 18 મીડિયા, હેથવે કેબલ્સ, સન ટીવી નેટવર્ક, ટીપ્સ મ્યુઝીક અને ઝી એન્ટર ઘટ્યા હતા.

વૈશઅવિક સ્તરે યુરોપિયન બજારો સુધારા તરફી રહ્યા હતા. રોકાણકારો પ્રાદેશિક મધ્યસ્થ બેન્કોની નીતિ બેઠકોની રાહ જોતા હતા. જેમાં નરમ ફુગાવાના દરની યુકે બજારને ટેકો મળ્યો હતો. યુકેનો ફુગાવાનો દર નવેમ્બર 3.2 ટકાનો નરમ રહ્યો હતો. જે બેન્ક ઓફ ઈંગ્લેન્ડ દ્વારા વ્યાજદર ઘટાડાની સંભાવનાને વેગ આપે છે. મોટા ભાગના એશિયન બજારો પણ ઉંચા બંધ રહ્યા હતા. નવેમ્બરમાં જાપાનની નિકાસ વાર્ષિક ધોરણે 6.1 ટકા વધી છે, આ ગ્રોથ અગાઉના મહિનામાં જોવા મળેલા 3.6 ટકાના વધારા કરતા વધારે હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 1.57 ટકા, ડેક્સ 0.31 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.09 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.36 ટકા, હેંગસેંગ 0.74 ટકા, કોસ્પી 1.41 ટકા, શાંઘાઈ 1.17 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.09 ટકા, તાઈવાન 0.04 ટકા, જકાર્તા 0.11 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### આરબીઆઇના હસ્તક્ષેપથી રૂપિયામાં ઝડપી રીકવરી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા. 17: કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં રીકવરી જોવા મળી હતી. ગઇકાલે રૂપિયાએ 91ની સપાટી કુદાવી હતી, અને ઐતિહાસિક તળિયે પહોંચી ગયો હતો. જેના લીધે આજે આરબીઆઇએ હસ્તક્ષેપ કર્યો હતો. જેના લીધે 90.37ના સ્તરે બંધ રહ્યા હતા. આજે ડોલરની સામે રૂપિયો 67 પૈસા સુધર્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 91.04ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 016.32, પાઉન્ડ 120.50, ઓસ્ટ્રેલિયન ડોલર 59.64, જાપાનીઝ યેન 0.5810 અને સીંગાપોર ડોલર 70.06ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -120.21 | 84559.65 |
| નિફ્ટી | -41.55 | 25818.55 |
| બેન્ક નિફ્ટી | -197.85 | 58926.75 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 1.86 | 864.20 |
| એસબીઆઇ | 1.53 | 975.85 |
| હિન્દાલ્કો | 1.39 | 848.80 |
| આઇશર મોટર | 1.03 | 7134.50 |
| ટાટા કન્ઝ્યુમર | 0.85 | 1179.80 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મેક્સ હેલ્થકેર | 3.90 | 1031.10 |
| પોલો હોસ્પિટલ | 1.84 | 6921.50 |
| ટ્રેન્ટ | 1.55 | 4045.20 |
| એચડીએફસી લાઇફ | 1.42 | 753.50 |
| એસબીઆઇ લાઇફ | 1.27 | 2010.20 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ | 1.51 | 975.90 |
| ઇન્ફોસીસ | 0.61 | 1602.10 |
| સન ફાર્મા | 0.51 | 1791.95 |
| એક્સીસ બેન્ક | 0.41 | 1224.65 |
| ટીસીએસ | 0.41 | 3217.60 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 1.64 | 4042.25 |
| એચડીએફસી બેન્ક | 0.99 | 984.30 |
| આઇસીઆઇસીઆઇ બેન્ક | 0.96 | 1352.95 |
| અદાણી પોર્ટસ | 0.89 | 1485.90 |
| બજાજ ફિનસર્વ | 0.69 | 2021.20 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૧૩ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ ’’ | ૧૨૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૧૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૦૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૬૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૨૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૧૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૬ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૭૦૬૦ |
| તેજાબી સોનું | ૧૩૬૯૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૦૨૧૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૪૩૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૭૦૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૦૫૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૦૭૧૦૦ |

# સન્માન કેપિટલના પુર્વ પ્રમોટર્સ વિરૂદ્ધ એફઆઈઆર દાખલ થઈ

**સન્માન** કેપિટલના શેરની કિંમત એક મહિનામાં 20 ટકા તૂટી ગઇ

નવી દિલ્હી, તા. 17: દિલ્હી પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગ (ઇઓડબ્લ્યુ) એ તપાસના ભાગરૂપે સન્માન કેપિટલના ભૂતપૂર્વ પ્રમોટરો વિરૂદ્ધ નવી એફઆઈઆર દાખલ કરી છે. કંપની પર શંકાસ્પદ નાણાકીય વ્યવહારો, નિયમોનું ઉલ્લંઘન, ભંડોળનો દુરુપયોગ-રાઉન્ડ-ટ્રિપિંગ જેવા ગંભીર આરોપોનો સામનો કરવો પડે છે. ઈન્ડિયાબુલ્સ, તેની પેટાકંપનીઓ અને તેમના પ્રમોટરો દ્વારા ભંડોળનો ગેરઉપયોગ કરવાના આક્ષેપો પણ છે. ઉલ્લેખનીય છે કે સન્માન કેપિટલનું જૂનું નામ ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ હતું.

સુપ્રીમ કોર્ટે બીજી કાર્યવાહીમાં સીબીઆઈને નિર્દેશ આપ્યો છે કે એફઆઈઆર નોંધવી જોઈએ કે નહીં તે એક અઠવાડિયાની અંદર આ કેસમાં અંતિમ નિર્ણય લે. સુપ્રીમ કોર્ટે સીબીઆઈને કોર્પોરેટ બાબતોના મંત્રાલય, કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સેબી અને ઈડી પાસેથી દસ્તાવેજો એકત્રિત કરવા પણ કહ્યું છે. આ એટલા માટે છે કે એફઆઈઆર નોંધાવવાની શરતો પૂર્ણ થઈ છે કે નહીં તે જાણી શકાય. કોર્ટ જાન્યુઆરી 2026ના બીજા અઠવાડિયામાં આ કેસની ફરીથી સુનાવણી કરશે.

સન્માન કેપિટલમાં જાહેર શેરહોલ્ડરો પાસે 98.09 ટકા હિસ્સો છે. કંપનીની માર્કેટ કેપ 12000 કરોડ રૂપિયા છે. આ શેરમાં એક મહિનામાં 20 ટકાનો ઘટાડો થયો છે. સપ્ટેમ્બર 2025 ક્વાર્ટરમાં કંપનીની સ્ટેન્ડઅલોન આવક 2062.55 કરોડ રૂપિયા હતી. ચોખ્ખો નફો 275.45 કરોડ રૂપિયા રહ્યો હતો. નાણાકીય વર્ષ 2025માં આવક 7610.40 કરોડ રૂપિયા હતી અને ચોખ્ખો નફો 942.69 કરોડ રૂપિયા રહ્યો હતો.

# જીએસટી દરોમાં સુધારાથી રાજ્યોની આવકમાં 5 ટકાનો વધારો થયો : કેન્દ્ર સરકાર

નવી દિલ્હી, તા. 17: સરકારના આર્થિક સુધારાના ભાગરૂપે 22 સપ્ટેમ્બરથી લાગુ કરવામાં આવેલા જીએસટી રેટમાં સુધારાના પરિણામે રાજ્યોની આવકમાં 5 ટકાનો વધારો થયો છે. આ વધારો ચાલુ નાણાકીય વર્ષ 2025-26ના સપ્ટેમ્બરથી નવેમ્બર સુધીના સમયગાળા દરમિયાન જોવા મળ્યો હતો, જ્યારે રાજ્યો દ્વારા પ્રાપ્ત એસજીએસટી અને આઈજીએસટીમાં વધારો થયો હતો.

કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભાને માહિતી આપી હતી કે આ સમયગાળા દરમિયાન રાજ્યોની કુલ આવક 2,59,202 કરોડ રૂપિયા છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 2,46,197 કરોડ રૂપિયા હતી.

પંકજ ચૌધરીના જણાવ્યા અનુસાર, જીએસટીના દરોમાં તાજેતરના ફેરફારો અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ પર સરકારનો મુખ્ય ઉદ્દેશ આર્થિક વપરાશને વેગ આપવા માટે સરકારની બહુપક્ષીય વ્યૂહરચનાનો એક ભાગ છે. મજબૂત વપરાશની માંગથી જીએસટીની આવક પર સકારાત્મક અસર થવાની અપેક્ષા છે. 22મી સપ્ટેમ્બર 2025થી લાગુ નવા જીએસટી દરોની અસર ઓક્ટોબર અને નવેમ્બર 2025માં સ્પષ્ટપણે દેખાઈ હતી, જ્યારે કુલ જીએસટી સંગ્રહમાં પાછલા વર્ષની સરખામણીમાં 4.2 ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી.

સેસ અને સરચાર્જમાંથી થતી આવક કોન્સોલિડેટેડ ફંડ ઓફ ઈન્ડિયાનો એક ભાગ છે, જેનો ઉપયોગ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ માટે થાય છે.

# હવે તમે NPS માંથી 80% રકમ ઉપાડી શકશો, લોન પણ લઈ શકાશે

નવી દિલ્હી, તા. 17 : પેન્શન ફંડ નિયમનકાર પીએફઆરડીએએ રાષ્ટ્રીય પેન્શન સિસ્ટમ (એનપીએસ) ના ઉપાડ અને નિવૃત્તિ જોગવાઈઓમાં ઘણા મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. બિન-સરકારી સબ્સ્ક્રાઈબર્સ હવે ઉપાડ સમયે પેન્શન ફંડમાં જમા કુલ ભંડોળના મહત્તમ 80 ટકા ઉપાડી શકે છે. અગાઉ ભંડોળ ઉપાડવાની મર્યાદા 60 ટકા હતી જ્યારે બાકીના 40 ટકાનો ઉપયોગ નિયમિત પેન્શન માટે થતો હતો. પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) દ્વારા જારી કરાયેલ NPS ઉપાડ સુધારા નિયમો 2025 માં આ મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ મુજબ, હવે NPS ખાતાને ચોક્કસ મર્યાદા સુધી લોન લેવા માટે નાણાકીય સંસ્થાઓ સમક્ષ ગેરંટી તરીકે પણ રાખી શકાય છે.